# ADINET e-News Digest

અમદાવાદ લાયબ્રેરી નેટવર્ક ઈ-ન્યૂઝ ડાયજેસ્ટ

No. 3 December 2014

## ગ્રં.મા.સે સમાચાર

### ઈ-બુક વાર્તા:-

**એમઝોનના કીંડલના વાચકોને અનુકુળ તેવી સગવડ અને એપ્સ જાણી શકાય તેવા સ્માર્ટ ફોને પુસ્તક બજાર ફરી જીવંત કર્યું.**

પુસ્તકના પાનાં ફેરવતાં વાંચવાનો આનંદ લેતાને તેવો સંતોષ આપનાર ટેબ્સ અને કીંડલ પર પાનાં ફેરવી વાંચનનો આનંદ આપતી એવી ટેકનોલોજીવાળા સાધનો ઉપલબ્ધ થઈ રહ્યાં છે. તે પણ પુસ્તકાલયમાંથી લીધેલાં પુસ્તકો જેટલી સરળતાથી પાનાં ફેરવી વાંચી શકાય તેવાં છે. આમાં મોટા પ્રમાણમાં પુસ્તકો ડાઉનલોડ કરવાનો વિકલ્પ રહે છે.

છાપેલ પુસ્તકોની જગ્યા 'સ્માર્ટ ફોન' આવી જશે તે કહેવા માટે હજી સમય નથી પાકયો પણ સંનીષ્ઠ વાચકોને માટે એમેઝોનનું કીંડલ એટલું સફળ છે કે તેના લીધે પ્રકાશનના બજારને ફરી સજીવન કરશે અને ઈ-બુકના વાચકો માટે આ ઘર-ઘરનું સાધન બની રહેશે.

એમેઝોનનું નવું કીંડલ સફેદ પાનાં જેવું છે અને ભારતના અગ્રણી ૨૫૦ ટેકનો - આઉટલેટની શ્રુંખલામાં ઉપલબ્ધ છે. ભારતમાં તેની કીંમત પણ તહેવારો સંદર્ભે ઘટાડાઈ છે અને હવે ભારતમાં દર ત્રીજું પુસ્તક ઈ-બુક તરીકે પ્રકાશિત થાય છે. આ ઝડપથી વિકસી રહેલા બજારમાં ઈ-બુકસ, ઈ રીડર, ઈ બુક એપ્સ અને એમેઝોનની બધી એપ્સ. જેમ કે ગુગલ પ્લે બુકસ ભારતમાં ગયા વર્ષે લોન્જ કરી. એમેઝોને તેના ઈ-વાચકો માટે કીંડલની આખી શ્રુંખલા અને કીંડલ સ્ટોર પણ શરુ કર્યો. ભારતના જાણીતા બુક સેલરે ફ્લીપકાર્ટે ઘણી બધી ઈ-બુક વાચકો માટે એપ સાથે અને તેને લગતાં સંદર્ભો અને બીજી પોતાના અભિપ્રાય માટેની સંદર્ભ એપ પણ શરુ કરી. આ સાથે આંખોથી વિકલાંગ વાચકો માટે શ્રાવ્ય પુસ્તકો પણ શરુ કર્યા છે.

એમેઝોન કીંડલના પ્રવકતા કહે છે કે તેમને ભારતમાં બહોળા વાચક વર્ગની અપેક્ષા છે. તેના મતે ભારત દેશમાં પુસ્તકનું બહોળુ માર્કેટ છે. ભારત દુનિયાના સૌથી સારા દસ દેશોમાનો એક છે. મધ્યમ વર્ગનો સૌથી વધુ વર્ગ અહીં છે જે ઈન્ટરનેટનો ભરપુર ઉપયોગ કરે છે. એમેઝોને ભારત માટે ૨.૩ મીલીયન કીંડલ પુસ્તકો ઉપલબ્ધ કર્યા છે. જેમાંના ૬ લાખ ખાસ ભારત માટેજ કીંડલ સ્વરૂપમાં છે. (કીંડલ ડારેકટ પ્બ્લીશીંગ-KDP) ઉપલબ્ધ છે. વિસ્પરસાઈન્ક ટેકનોલોજીથી કીંડલમાં પુસ્તક ગમે ત્યાં રોકી અને વળી પાછુ ત્યાંથી આગળ વાંચી શકાય છે. તે પણ ગમે તે ઉપકરણ પર.

### સ્વ પ્રકાશન

સ્વ પ્રકાશનના લેખકોએ ભારતીય ઈ પ્રકાશનમાં હરણફાળ ભરી છે. જેમ કે, અમીશ ત્રીપાઠીએ પોતાના પુસ્તક ૨૦ જેટલા પ્રકાશકો પાસેથી પરત થતા જાતે પ્રકાશન કરી દીધું. 'અમર મુલ્લાહ ' (ઈમોરટલ મુલ્લાહ) એટલું સફળ રહ્યું કે તુરંત તેમને ૧ મીલીયન ડોલરનો વેસ્ટર્ન ઈન્ડીયા સાથે તેમની ' શીવા ટ્રાયોલોજી' માટે કરાર થયો. અમીશ ઉપરાંત બીજા પણ એવા લેખકો છે જેમણે સફળતા પૂર્વક પોતાના પ્રકાશનો સ્વ પ્રકાશિત કર્યા છે.

૨૦૧૨ની ટીબોર જોન્સની સાઉથ એશીય એવોર્ડ માટે 'ટેલ ધ થાઉઝન્ડ લાઈઝ' પહેલા સ્તરની પસંદગીમાં આવેલ. પુસ્તકની લેખીકા, રસના આત્રેય જે મુળ કોમ્પ્યુટર એન્જીનીયરીંગની અનુસ્નાતક છે, અને આઈ ટી ક્ષેત્રમાં કામ કર્યા પછી લખવાનું શરુ કર્યું, તે કહે છે કે તમે સ્વ પ્રકાશન શરુ કરો ત્યારે તમારો પોતાનો એમેઝોનમાં એકાઉન્ટ ખોલો, ટુંકસાર આપો અને તેની કિંમતનું નિયમન કરો. તમને લાગે કે તમારા પુસ્તકના વેચાણમાં તકલીફ કરે એવું છે તો તમે તેની કિંમત બદલી શકો છો. તમે શરૂઆતમાં થોડો વખત ગ્રાહકને આકર્ષવા માટે કિંમત ઘટાડી શકો. તમે પ્રચાર અર્થે નિયંત્રણ રાખીને કલ્લાકે કલ્લાકે વેચાણ ટ્રેકસને નિયંત્રીત કરી શકો છો. હૈદરાબાદ સ્થીત આ લેખક કહે છે કે 'ટેલ ધ થાઉઝન્ડ લાઈઝ' પુસ્તકને ૪૫૦ જેટલા મુલ્યાંકનો એમેઝોન દ્વારા યુકે/યુ એસ થી મળ્યા અને વિશ્વભરમાંથી સારા એવા વાચકો મળ્યા છે. તે મે ૨૦૧૨ થી સતત પૂર્વના બેસ્ટ સેલરની યાદીમાં રહ્યું છે. હા, એ સ્વતંત્ર બુક સ્ટોરમાં હોવા છતાં ઈ-બુકસ અને ઈ કોમર્સમાં રહ્યું છે અને જેને પેપર સ્વરુપે પુસ્તકો પસંદ કરે છે તેને માટે મોટો એવો ફેરફાર કહી શકાય.

સંદર્ભ :- 'બીઝનેસ લાઈન' ૧ નવેમ્બર ૨૦૧૪

---

### અંધ વિદ્યાર્થીઓ માટે દિલ્હી યુનિવર્સીટીએ ગ્રંથાલયોમાં ખાસ ટેકનોલોજી વસાવી:-

દિલ્હી યુનિવર્સીટીના જણાવ્યા પ્રમાણે તેમણે દ્રષ્ટિ વિકલાંગ વિદ્યાર્થીઓ માટે પુસ્તક સ્કેન કરીને તેને ટ્રાન્સ્ક્રાઈબ કરનાર ટેકનોલોજી વાપરનાર સૌ પ્રથમ લાયબ્રેરી છે.

આ ટેકનોલોજીને 'ઈન્કલુઝીવ પ્રીન્ટ એકસેસ પ્રોજેકટ' કહે છે જેમાં સોફટવેરનું સંકલન છે અને તે યુનિવર્સીટીના 'ઈકવલ ઓપોચ્યુનીટી સેલ' દ્વારા સંકલીત કરવામાં આવ્યું છે.

આ ઈન્કલુઝીવ પ્રીન્ટ એકસેસ પ્રોજેકટ અંતર્ગત, એક સક્ષમ કેમેરા (લેકસેર) અને સમથળ સપાટીનું સ્કેનર છે. વિદ્યાર્થી સામાન્ય રીતે વાંચતી વખતે જેમ પુસ્તક રાખીએ તેમજ પકડે અને કેમેરા અને સ્કેનર આખા પાનાનું ચિત્રને લઈને તેને શબ્દોમાં રૂપાંતરીત કરે અને સાથે પાનાના ચિત્રને PDF માં પણ મુકે છે. વિદ્યાર્થી તેમાં સાંભળેલ ભાગને નિર્દેષક મૂકી હાંસીયામાં નોંધ પણ કરી શકે.

NVDA સોફટવેર વિદ્યાર્થીઓને વર્તમાનપત્ર વાંચવા અને ઈન્ટરનેટ વાપરવામાં પણ મદદ કરશે. બ્રેઈલ લાયબ્રેરી અને શ્રાવ્ય પુસ્તકનું રીસોર્સ સેન્ટર યુનિવર્સીટીના દ્રષ્ટિ વિકલાંગ વિદ્યાર્થીઓ માટે છે.

સંદર્ભ :- http//www/firstpost.com

## રીલાયન્સ લાઈફ તરફથી સરકારી શાળાઓમાં ગ્રંથાલયો:-

મુંબઈ ખાનગી વિમા કંપની રીલાયન્સ લાઈફ ઈન્સ્યુરન્સ એક નોન પ્રોફીટ રુમ સાથે મળી ૧૦૦ પ્રાથમિક શાળાઓમાં વાંચન માટેના ઓરડા તૈયાર કરાવશે. આ સૂચના કંપનીએ સોમવારે આપી.

રીલાયન્સ લાઈફના કહેવા પ્રમાણે રુમ ટુ રીડની અંદરમાં ૧૦,૦૦૦થી વધુ બાળકોને દેશભરમાં આનો લાભ મળે તેવી વાંચનની સુવિધા ઉભી કરવા માંગે છે.

'રુમ ટુ રીડ' એ વિશ્વવ્યાપી બીન નફાના સિધ્ધાંતો પર ચાલતી સંસ્થા છે. જે સાક્ષરતા અને શિક્ષણમાં લીંગ સમાનતા ક્ષેત્રે શૈક્ષણિક સંસ્થાઓમાં ગ્રંથાલય પુરા પાડી આ કામ કરે છે. મુંબઈમાં પ્રથમ ગ્રંથાલય બાળદિન એટલે ૧૪ નવેમ્બરે ઉદઘાટન થયું છે.

રીલાયન્સ લાઈફ અને રુમ ટુ રીડ મળીને મ્યુનિસીપલ શાળાઓમાં રાજસ્થાન, ઉત્તરાખંડ, આંધ્ર પ્રદેશ અને મહારાષ્ટ્રની શાળાઓમાં વર્ષ દિવસમાં થશે તેમ કંપની કહે છે.

સંદર્ભ:-
http://timesofindia.indiatimes.com/home/education/news/Reliance-Life-to-set-up-libraries-in-government-schools/articleshow/45175213.cms

---

## પાઠય પુસ્તકોને ઈ-બુકસમાં રજુ કરવાનો સરકારી પ્રોજેકટ:-

કેન્દ્ર સરકારે શાળાના પાઠય ક્રમના પુસ્તકો ઈ-બુકસમાં ફેરવી રહયા છે. આ કાર્યક્રમને ઈ-બકસાના નામે ઓળખાય છે જે એમેઝોનના ઈ-બુકના સમાન ફલક પર મુકી શકય.

સેન્ટર ફોર ડેવલેપમેન્ટ ફોર એડવાન્સ કોમ્પ્યુટીંગના સહકારથી ઈ-બુકસ, રામ સેવક શર્મા, જે ડીપાર્ટમેન્ટ ઓફ ઈલેકટ્રોનીકસ એન્ડ ઈન્ફરમેશન ટેકનોલોજીના સચીવ છે. બીઝનેસ સ્ટાન્ડર્ડને જણાવ્યું કે એકાદ માસમાં આ ફલક તૈયાર થઈ જશે અને એક એવી બજાર વ્યવસ્થા હશે જેમાં સંબંધીત પુસ્તકોના સૂચન પણ મળી રહે.

આને માટે શિક્ષણ મંત્રાલય એવું કુશળ ફલક બનશે જયાં અભ્યાસક્રમ અને તેના પુસ્તકો ઉપલબ્ધ કરે સાથે એન.સી.ઈ.આર્.ટી.ના સહકારથી નિર્દેશીત કરેલ પુસ્તકો ઉપલબ્ધ કરાશે. હાલ ઘણી ખાનગી સંસ્થાઓ પણ આ પુસ્તકો ઉપલબ્ધ કરાવે છે.

વિધાર્થીઓ આ સ્ત્રોતને નોટબુક ગણીને વાપરે તો સરકારનો આ પ્રોજેકટ સફળ થાય.
સંદર્ભ :- બીઝનેસ સ્ટાન્ડર્ડ/૧૭ નવેમ્બર

---

## આશ્ચર્ય !
## કોલેજ લાયબ્રેરીમાંથી ફકત પુસ્તકો જ નહીં પણ અનેકવિધ સાધનો ઉધારી શકાય:-

મુળ 'ઈન્ટ્રકશનલ ટેકનોલોજી એસોસીએટ'નું પદ ધરાવતા 'જોર્જીઆ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી'ના જસ્ટીન એલીસ પોતાની જાતને 'ગેજેટ ઘાય' યંત્રોવાળો માણસ કહે છે. તેણે

એવો પ્રોગ્રામ લખ્યો છે કે જેનાથી પુસ્તકો ઉપરાંત કોમ્પ્યુટર, કેમેરા અને અન્ય સાધનો પણ ઉધારી શકાયા. વધતા જતા સૂચીપત્રમાંથી વિધાર્થીઓ અને પ્રાધ્યાપકો કોમ્પ્યુટર, કેમેરા વગેરે લઈ શકે છે. તેનો ઈલેકટ્રોનીકસ વિભાગ લાયબ્રેરી કરતાં તો 'બેસ્ટ બાય સ્ટોર' જેવો વધુ છે. તેમના સહકર્મી અમીત દોશી તેમને જેમ્સ બોન્ડ શ્રુંખલાના ચરિત્ર-"ક્યુ" સાથે સરખાવે છે.

કારણ તેમની પાસે અધતન યંત્રો છે અને તેને કેમ વાપરવાનો મંત્ર બે મીનીટમાં આપી દે છે. તેમના કહેવા પ્રમાણે આવી વસ્તુઓનું આપ-લે કોલેજથી યુનીવર્સીટી સુધી સમગ્ર દેશમાં થાય છે. જેમા લેપટોપ, નોટબુક અને આઈ-પેડનો પણ સમાવેશ થાય છે. હાર્ડવેરમાં આથી ઘણું વધુ પણ હવે મળે છે.

સંદર્ભ :-http://chronicle.com

## ભારત અને યુનાઈટેડ કીંગડમ વચ્ચે શિક્ષણના સહકારને સબળ બનાવવા સમજૂતી:-

છઠ્ઠા ભારત - યુ. કે શિક્ષણના કાર્યને સક્ષમ બનાવવા સંયુકત સમજૂતી દિલ્લી ખાતે થઈ. જેમાં કેન્દ્રના માનવ સંશાધન વિકાસ મંત્રી અને યુ. કે.ના યુનીવર્સીટીઝ, વિજ્ઞાન અને શહેરના મંત્રી, ગ્રેગ કલાર્ક સાથે થઈ. બન્ને દેશોએ ચર્ચા કરી દ્વિપક્ષીય શરુઆત માટેની શિક્ષણ વિશે સહમતી યોજી અને આને સબળ અને સફળ બનાવવાના પ્રયત્નો અને નવી શરૂઆત માટે કરાર થયા. બન્ને પક્ષોના સહકારના શિક્ષણ-સંશોધન કાર્ય તંત્રનું માળખુ ઘડયું. જેને "જોઈન્ટ યુકે ઈન્ડિયા એજયુકેશન એન્ડ રીસર્ચ ઈનીશ્યેટીવ" નું (યુ.કે.આઈ.ઈ.આર.આઈ) નામ આપ્યું.

કેન્દ્રીય શિક્ષણ મંત્રીએ પણ આ સમજૂતી પર હસ્તાક્ષર કરતાં શૈક્ષણિક સહકાર પર ભાર મૂકયો અને નેતૃત્વ વિકાસ, સંશોધન, નવીનીકરણ, ટેકનોલોજી, જ્ઞાન – વિનીમય હુનર વિકાસ અને ઉધોગ સાહસીકતાને દ્વિકેન્દ્રીય વિકાસ સાથે MOOCs અને ઈ- લાયબ્રેરીનો સમાવેશ થઈ ૨૦૧૬ સુધીમાં પરીણામો મેળવવા સરકારના બધા મહાનુભાવોએ આમાં ભાગ લીધો.

સંદર્ભ :- બીઝનેસ સ્ટાન્ડર્ડ/૧૪ નવેમ્બર ૨૦૧૪

## ફરીયાદી કોર્ટ ડીજીટલ લાયબ્રેરીને કોપીરાઈટનું અવરોધક નથી માનતી:-

યુ.એસ.ની ફેડરલ એપલેટ કોર્ટ ડીજીટાઈઝેશનને પુસ્તક શોધવાનું સાધન કહે છે. બીજા વર્તુળ કોર્ટે આપેલ આ નિર્ણયથી લેખકોના સંગઠનનો ને યુ.એસ.માં અસર પડી છે. ૧૩ યુનીવર્સીટી સંયુકત સૂચી અને સંગ્રહના સંદર્ભે છે. હાથી ટ્રસ્ટના આ નિર્ણય પ્રમાણે ડીજીટાઈઝેશન એ વ્યાજબી ઉપયોગ છે.

## ભારત સારર્કના વિધાર્થીઓને ઈ-લાયબ્રેરીથી જોડી શકાય : મોદી

કાઠમંડુમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે ભારત સાર્ક દેશોના વિધાર્થીઓને ઈ-લાયબ્રેરીથી જોડવા માટે સજ્જ છે.

માહિતી સંચારે ઉત્તમ શિક્ષણ માટેના બધા અવરોધને દૂર કર્યા છે. ઓનલાઈન અભ્યાસક્રમ અને ઈ-લાયબ્રેરીથી વિધાર્થીઓને જોડવા માટે

ભારત સજ્જ છે. મોદીએ સંયુકત વારસાને વહેંચવા અને ભિન્નતાને સ્વીકારવા કહયું હતું અને તેની મદદથી પ્રવાસન આપણા પ્રદેશમાં વિકસાવીએ. ૧૯૮૫માં સાર્ક આઠ દેશોને જોડીને થયેલું સંગઠન છે. જેમાં અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ, ભૂતાન, ભારત, માલદીવ, નેપાળ, પાકિસ્તાન અને શ્રીલંકાનો સમાવેશ થાય છે. અફઘાનિસ્તાન ૨૦૦૭માં જોડાયેલો આઠમો દેશ છે.

સંદર્ભ :-
http://www.ummid.com/news/2014/November/26.11.2014/e-library-toconnect-saarc-students.html#sthash.sazNw9JA.dpuf

## ઈનબોકસનો ઉપયોગ તમારા વતી વિચાર કરવામાં કરો:-

આઈ. બી. એમ., ગુગલ અને માઈક્રોસોફ્ટ ઈ મેઈલના સ્વરુપને નવા સ્વરુપે મુકશે તેમ બેગ્લોરથી ખબર મળે છે. નવા સોસીયલ મીડીયા અને સ્માર્ટ ફોન આવતા ઈ મેઈલ એક નવા અવતારે આવશે, જાણે બીલાડી નવા અવતારે પાછી ! ઉપભોકતાની જરુરીયાતને ધ્યાનમાં રાખી ઈ મેઈલે ગતિ વધારવા ઉપરાંત ચેટ એપ્સ જેવા કે સ્લેક, જે ફાઈલ શેરીંગ પણ ગતિ બમણી કરી.

આઈ.બી.એમ., ગુગલ અને માઈક્રોસોફટને સમજાયું છે કે ઈ મેઈલને અત્યારના સંદર્ભે જીવંત રાખવા એક વ્યકિતગત મદદનીશ તરીકેનું પણ કામ લેવું પડશે. ઈ મેઈલ, ઈન બોકસ એટલો કુશળ થઈ જાય કે તમારે કઈ મેલ પહેલા વાંચવી ?, જે વ્યાપાર, નાણાં, સમાચાર, સામાજીક કે વ્યવસાયીક જેવા વર્ગોમાં વર્ગીકરણ કરી આપે કારણ વગર આવનારી ઈ મેઈલ ઘણી મોટી સંખ્યામાં હોય છે. ઈ મેઈલના કર્તવ્યનું માળખુ બદલતા આ શકય બનશે.
સંદર્ભ :- બીઝનેસ લાઈન/ ૨૭ નવેમ્બર ૨૦૧૪

## આવી રહેલા કાર્યક્રમો :-

નેશનલ વર્કશોપ ઓન ડીજીટલ લાયબ્રેરીઝ બીજી કોન્ફરન્સ ૨૭ થી ૩૧ જાન્યુઆરી ૨૦૧૫ દરમ્યાન માઈકામાં થશે જેમાં ગ્રીન સ્ટોનના ઉપયોગ પર ધ્યાન અપાશે. આમાં ૨૪ વ્યકિતઓ ભાગ લઈ શકશે. ૨૭ ડિસેમ્બર-૨૦૧૪ નોંધણીની છેલ્લી તારીખ છે અને વધુ માહીતી નીચેથી મળી રહેશે.

નવી રીતે કામ કરવાના માર્ગોને અનુલક્ષી ઈલેકટ્રોનીક રીસોર્સનું સંચાલન ગ્રંથાલયમાં કરવા માટે નેશનલ કોન્ફરન્સ રાઉરકેલામાં ૧૩-૧૪ ફેબ્રુઆરી ૨૦૧૫ દરમ્યાન યોજાશે. વધુ માહીતી નીચેની સાઈટથી મળી શકશે.

## બે ઘડી ચિંતન :-

આપણું જીવન એ આપણેજ પસંદ કરેલ કાર્યોનો સરવાળો હોય છે.
આપણા વિચારો માટે આપણે જવાબદાર છીએ અને તે આપણા કાર્યો જેટલાંજ સાચા છે. આપણને ખબર પડવા માંડે કે દરેક શબ્દ અને દરેક કાર્ય આપણને અસર કરે છે અને તે હજારો લોકોને પણ સ્પર્શે છે.

આપણે આપણા વર્તનમાં જવાબદાર બનીએ છીએ અને આપણે તેના પરીણામોને પણ સ્વીકારતા થઈએ છીએ. આપણા કર્મો, શબ્દો

અને વિચારો જીવન  પર્યંત તેનો પ્રભાવ  પાડે છે.  આપણી અંદર જ સદભાવનું તત્વ હોય છે જે આપણી કલ્પના બહાર  હોય છે. આપવા માટે કોઈ શાબાશીની  આશા નથી હોતી, સાંભળતી વખતે કોઈ પૂર્વગ્રહ નથી હોતો અને પ્રેમ કરવા કોઈ શરત નથી હોતી.

- ડો. ઈલીઝાબેથ કુબ્લર રોસ